# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ વિવિધ એસોસીઅશેનોના પ્રતિનિધિશ્રીઓ દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આજરોજ રૂબરૂ મળી FIRE NOC તથા BU Permission કારણે જે સીલ મારવામાં આવ્યા છે તે તાત્કાલીક ખોલી આપવા અને સમગ્ર પ્રક્રિયાને સરળ કરવા ભારપૂવક રજૂઆત કરવામાં આવેલ....**

**આશરે ૨૦૦૦ થી વધુ વેપાર-ઉદ્યોગકારો- શાળા સંચાલકો- બેન્કો- હોસ્પિટલો-હોટેલો-કલાસીસના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ....**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954

ટીઆરપી ગેમઝોનમાં બનેલ આગની દુર્ઘટના બાદ વહિવટીતંત્ર દ્વારા શહેરમાં તમામ જગ્યાએ અગ્નિશામક યંત્રો અને એનઓસી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કાયદાકીય કાર્યવાહીમાં તંત્રેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સંપુર્ણ સહયોગ આપે છે. પરંતુ વહિવટીતંત્ર દ્વારા શહેરમાં તમામ જગ્યાએ FIRE NOC તથા BU Permission કારણે સીલ મારી દેવામાં આવી રહયા છે અને વેપાર-ઉધોગકારોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. જેના અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ વિવિધ એસોસીએશનો, વેપાર-ઉધોગકારો-શાળા સંચાલકો-બેન્કો-હોસ્પિટલો -હોટેલો-કલાસીસના પ્રતિનિધિશ્રીઓ દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આજરોજ રૂબરૂ મળી જે જે સ્થળે સીલ મારવામાં આવ્યા છે તે તાત્કાલીક ખોલી આપવા તેમજ ફાયર સેફટી ઈન્સ્ટોલેશન અંગે તથા નિયમોમાં ઘણી વિસંગતતાઓ રહેલ છે તેના માટે પુરતો સમય આપી પ્રક્રિયાને વધુ સરળ કરવા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલ. જેમા આશરે ૨૦૦૦ થી વધુ લોકો જોડાયેલ હતા.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના અધ્યક્ષ સ્થાને ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તેમજ અલગ અલગ સંસ્થાઓના આગેવાનો જેવા કે શ્રી ડો. પરસોતમભાઈ પીપળીયા,  શ્રી ડી.વી. મહેતા, શ્રી ડો. લાલચંદા વગેરેએ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને વિવિધ પ્રશ્નોની ભારપૂર્વક રજુઆત કરતા મ્યુનિસિપલ કમિશ્નશ્રીએ જણાવેલ કે રાજય સરકાર તમામ મહાનગરપાલિકાઓ સાથે ચર્ચા-વિમર્સ કરીને બે દિવસમાં એ.સો.પી. જાહેર થઈ જશે. તેમજ શાળા સંચાલકોને ગુરૂવાર સુધીમાં શાળા ખોલવા ખાત્રી આપેલ છે. આ રજુઆતમાં ચેકિંગ દરમ્યાન કનડગત બાબતે ભારપૂર્વક રજુઆત કરતા કમિશ્નરશ્રી દ્વારા ખાત્રી આપવામાં આવેલ છે કે કોઈપણ જાતનું ગેરવર્તન કરવામાં નહી આવે તે બાબત ખાસ ધ્યાન રાખવામાં આવશે.

સાથોસાથ તમામ વેપાર-ઉધોગકારોએ FIRE NOC તેમજ તેને સંલગ્ન તમામ નિયમોનું પાલન કરવાની ખાત્રી આપેલ છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આ રજુઆત માત્ર પ્રક્રિયા સરળીકરણ માટેની છે નહી કે કોઈ નિયમોમાં બાંધછોડ કરવા. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.